


# પુરુષોત્તમ માસ / અધિક જ્યેષ્ઠ માસ

જ્યારે અધિક શબ્દનો ઉપયોગ કરવામાં આવે, તે ચોક્કસપણે અમુક પ્રકારનો વધુ ભાર મૂકે છે. જ્યારે એક જ મહિનામાં દિવસની સંખ્યા બે મહિના જેટલી હોય ત્યારે તે અધિક મહિનો કહેવાય છે.

તેની લાક્ષણિકતા એ છે કે સૂર્ય અધિક માસમાં રાશિ પરિવર્તન કરતો નથી. સૂર્યની સંક્રાંતિ થતી નથી. એટલે આ મહિનાનું નામઃ પુરુષોત્તમ માસ, મલ માસ વગેરે દ્વારા ઓળખાય છે. ગ્રંથો અનુસાર, આ મહિનામાં શુભ કાર્ય કરવામાં આવતાં નથી, પરંતુ ધર્મ અને કર્મનાં કાર્યોમાં ધાર્મિક કર્મકાંડો,તીર્થસ્નાન,દાન, ઉપવાસ વગેરે કરવામાં આવે છે.

**અધિક માસની પવિત્ર તિથિ**

અધિક મહિનાની શુક્લ એકાદશી પદ્મિની એકાદશી કહેવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ એકાદશીનું વ્રત કરવાથી નામ અને ખ્યાતિ મળે છે અને વ્રતનો આનંદ સુખી જીવનથી પૂર્ણ થાય છે.

આ મહિનામાં વધુ ના કરો તો ચાલશે પણ એકાદશી અવશ્ય કરશો.

મલ માસમાં કેટલાંક કામ ન કરવા માટે એક નિયમ છે : જેમ કે નવો ગૃહ પ્રવેશ, વાસ્તુપૂજન, લગ્ન, નવવધૂનો ઘરપ્રવેશ, યજ્ઞોપવીત, નામકરણ, મુંડન વગેરે જેવાં કાર્ય વર્જીત છે.

અધિક મહિનામાં અવશ્ય કરો, પ્રાતઃકાળે સ્નાનાદિ કર્મથી પરવારી પવિત્ર થઈને ભગવાન સૂર્યનારાયણને પુષ્પ રક્ત-ચંદન તથા અક્ષત એટલે કે અખંડિત ચોખા મિશ્રિત જળનો અર્ઘ્ય આપવો તથા સૂર્યનું પૂજન કરવું. આ મહિનામાં દેશી (શુદ્ધ) ઘીના માલપુવા બનાવી કાંસાના વાસણમાં ફળફળાદિ વસ્ત્ર પૈસા મૂકી સામર્થ્ય અનુસાર યોગ્ય વ્યક્તિને દાન કરવું. આ મહિના દરમિયાન ઉપવાસ, તીર્થસ્નાન કરવાં.

ભાગવત પુરાણ, પવિત્ર ગ્રંથોનું અધ્યયન કરવું. 'વિષ્ણુયાગ' કરવો. પહેલેથી જ શરૂ કરવામાં આવ્યું છે તે કામ ચાલુ રાખી શકાય છે.

આવી ધાર્મિક વિધિઓ જેમ કે મહામૃત્યુંજય જાપ, રુદ્ર જાપના અનુષ્ઠાનનું પણ વિધાન છે. બાળજન્મનાં કાર્ય જેવાં કે ગર્ભાધાન, પુંસવન, સીમંત, વગેરે કરી શકાય. પિતૃશ્રાધ્ધ પણ કરી શકાય છે.

**અધિક મહિનાની વિધિ**

અધિક મહિનામાં, વ્રત કરનારે નિયમોનું પાલન કરવું પડે છે. જમીન પર શયન કરવું, દિવસમાં એક વાર શુદ્ધ સાત્ત્વિક ભોજન કરવું, ભગવાન કૃષ્ણ કે વિષ્ણુના અવતારની પૂજા કરવી, હરિવંશપુરાણ, શ્રીમદ્ ભાગવત, રામાયણ, વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર, રુદ્રાભિષેક વ્રતધારકે કરવા. અધિક માસની પૂર્ણાહુતિ સમયે સ્નાન, દાન, બ્રહ્મભોજન કર્યા પછી વ્રતનું સમાપન કરવું. આ મહિનામાં શુદ્ધ ઘીના માલપુવાનું દાન કરવાનો મહિમા ખૂબ છે.

પુરુષોત્તમ માસ વિશે ધર્મગ્રંથોમાં કહેવામાં આવ્યું છે કે -

*येनाहमर्चितो भक्त्या मासेस्मिन् पुरुषोत्तमे।*
*धनपुत्रसुखं भुकत्वा पश्चाद् गोलोकवासभाक्।।*

અર્થાત્ -પુરુષોત્તમ માસમાં નિયમ અનુસાર ભગવાન વિષ્ણુની વિધિપૂર્વક પૂજા કરવાથી ભગવાન ખૂબ પ્રસન્ન થાય છે અને ભક્તિપૂર્વક ભગવાનની પૂજા કરવાવાળા અહીં બધા જ પ્રકારનાં સુખ ભોગવી મૃત્યુ પછી ભગવાનના દિવ્ય ગોલોકમાં સ્થાન પ્રાપ્ત કરે છે.

ભગવાન વિષ્ણુની જે પૂજા અર્ચના કરે છે તેમને વૈકુંઠની પ્રાપ્તિ થાય છે. ઘણાં લોકોના મનમાં એવા સવાલો થાય કે ભાઈ, અમે ભક્તિ તો બહુ કરીએ છીએ તો શું અમને હરિના ધામમાં ગતિ પ્રાપ્ત થશે. પરંતુ અહીંયા સમજવું જરૂરી છે કે ભક્તિ કરતાં સમયે 'શ્રદ્ધા' ખૂબ જરૂરી છે. 'ૐ નમો ભગવતે વાસુદેવાય નમઃ' રવિવારે પીપળાને સ્પર્શ કરવાથી અલક્ષ્મી કે દરિદ્રતાનો પ્રવેશ થાય છે, અલક્ષ્મીને ગરીબી અને દરિદ્રતાની અધિષ્ઠાત્રી માનવામાં આવે છે. અલક્ષ્મી -- એ લક્ષ્મીજીની મોટી બહેન છે, જે સમુદ્રમંથનમાંથી પ્રગટ થઈ હતી.

એવું માનવામાં આવે છે કે ભગવાન બ્રહ્મા પીપળાના મૂળમાં વસે છે; જ્યારે ભગવાન વિષ્ણુ તેની મધ્યમાં રહે છે, તો ભગવાન શિવ તેના ઉપલા ભાગમાં રહે છે. માન્યતા અનુસાર પીપળાના ઝાડમાં પિતૃઓનો વાસ હોય છે. પીપળાના ઝાડને કળિયુગનું કલ્પવૃક્ષ પણ માનવામાં આવે છે. સમુદ્રમંથન દરમિયાન માતા લક્ષ્મીનો અવતાર થયો હતો. પરંતુ તે પહેલાં અલક્ષ્મી(દરિદ્રતા)એ અવતાર લીધો હતો. એવું માનવામાં આવે છે કે સમુદ્રમંથન સમયે તેઓ કાલકુટ વિષ પછી જન્મ્યા હતા. તેમનું સ્વરૂપ દેવી લક્ષ્મીથી બિલકુલ વિરુદ્ધ હતું. તેણીને દુર્ભાગ્યની દેવી માનવામાં આવે છે.

અલક્ષ્મીનો દેખાવ તે સમયે વૃદ્ધ મહિલા હતી. તેના વાળ પીળા, આંખો લાલ અને ચહેરો કાળો હતો. સમુદ્ર છોડ્યા પછી, દેવી લક્ષ્મીએ ભગવાન વિષ્ણુને પસંદ કર્યાં.જ્યારે અલક્ષ્મીએ દરિદ્રતાએ આસુરી શક્તિઓનું શરણ લીધું. તેથી જ તે રત્નોમાં ગણાતાં નથી. તેમના દેખાવ સમયે, દેવતાઓએ કહ્યું હતું કે જે ઘરમાં કલહ થશે ત્યાં તમારો નિવાસ થશે. લક્ષ્મીજી ભગવાન વિષ્ણુને વર્યાં અને પતિ બનાવ્યાં એ જાણી મોટી બહેન અલક્ષ્મી ક્રોધિત થયાં પણ ભગવાન વિષ્ણુએ અલક્ષ્મીનો ગુસ્સો શાંત કરવા શિવજીના પરમ શિષ્ય એવા શનિ મહારાજ સાથે લગ્ન કરવા તૈયાર કર્યાં. શનિ મહારાજ આ રીતે અલક્ષ્મીના પતિ અને વિષ્ણુ ભગવાનના સાઢુ બન્યા. અલક્ષ્મીએ વરદાન માંગ્યું કે શનિ મહારાજનો વાસ પીપળામાં છે તો શનિવારે વિષ્ણુ અને લક્ષ્મીજી બંનેને સંધ્યાકાળે મળવા આવશે અને રવિવારે આખો દિવસ અલક્ષ્મીનો વાસ પીપળામાં હશે. જે વ્યક્તિ રવિવારે પીપળાના વૃક્ષની પૂજા આરાધના કરે, જલ અર્પણ કરે, સ્પર્શ કરે એના પર અલક્ષ્મીની દૃષ્ટિ પડે છે અને એના ઘરમાં દરિદ્રતા અને ક્લેશ આવે.

માટે સપ્તાહના સાત દિવસમાં રવિવારે પીપળાના વૃક્ષની પૂજા થતી નથી પછી ગમે તે તિથિ કે તહેવાર કેમ ન હોય?



# પુરુષોત્તમ મહિનામાં 'પુરુષસૂક્ત' પાઠનો પૂજા-હોમ કરવાના ચમત્કારિક ફાયદા

યંત્ર-મંત્ર-તંત્ર

યજ્ઞેશ ત્રિવેદી

અત્યારે પુરુષોત્તમ મહિનો ચાલે છે. તેને અધિક અને મલ માસ પણ કહેવાય છે.

પુરુષોત્તમ મહિનામાં 'પુરુષસૂક્ત' પાઠથી પૂજા અને હવન-હોમ કરવાથી ભગવાન વિષ્ણુ-ભક્તોને જીવનના અવરોધો અને નકારાત્મક શક્તિઓને દૂર કરવાના આશીર્વાદ આપે છે.

પુરુષસૂક્ત હોમ કરવાથી તમારા જીવનમાં પ્રચંડ વિજય, સફળતા, સંબંધોમાં સુમેળ, સારી સંપત્તિ, સમૃદ્ધિ અને જીવનમાં તમામ ક્ષેત્રે સફળતા આપે છે. આ પુરુષસૂક્ત હોમમાં ચાર પ્રકારના પુરુષાર્થ (ઈચ્છા).... ધર્મ, મોક્ષ, કામ અને અર્થ પ્રદાન કરે છે. ભગવાન વિષ્ણુ પુરુષસૂક્ત હોમમાં સમર્પિત છે. જેઓ બાળકો ઈચ્છે છે પરંતુ ગર્ભવતી થવામાં મુશ્કેલી અનુભવી રહ્યાં છે તેમના માટે આ હોમ એકદમ અસરકારક છે. માતા-પિતા તેમનાં બાળકોના સર્વાંગી વિકાસ અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે કરી શકે છે. આ પુરુષસૂક્તનો હોમ કરવાથી જે વ્યક્તિઓ સંતાનની ઈચ્છા રાખે છે તેમનાં કાર્યોમાં સફળતા મળે છે તેથી તેઓ જીવનમાં આનંદ અને સ્થિરતા પ્રાપ્ત કરી શકે છે.

**પુરુષસૂક્ત હોમની મુખ્ય આંતરદૃષ્ટિ**

- પુરુષસૂક્ત હોમમાં- મુખ્ય દેવતા ભગવાન શ્રીહરિ વિષ્ણુ છે.

- પુરુષસૂક્ત હોમ- ભક્તોને સારું આરોગ્ય અને બુદ્ધિ, શાંતિ અને જીવનમાં સુખ તેમ જ બાળકના જન્મની સુવિધા આપવા માટે આશીર્વાદ આપે છે.

- પંડિત જન્મ અને નક્ષત્રના આધારે પુરુષસૂક્ત હોમ માટે મુહૂર્ત નક્કી કરે છે. પરંતુ આ અધિક મહિનો આખો જ મુહૂર્ત છે. તમે અગિયારસ, પૂનમ અને શનિવારે પુરુષસૂક્ત હોમ કરી શકો છો.

- પુરુષસૂકત હોમ નાણાંકીય દેવાં અને સંબંધોની સમસ્યાઓને દૂર કરવામાં મદદ કરે છે.

**પુરુષસૂક્ત હોમ કરવાથી ફાયદા**

પુરુષસૂક્ત હોમમાં ગર્ભાવસ્થા દરમિયાન પ્રજનન અથવા સમસ્યાઓ દૂર કરે છે જ્યારે સંતાનપ્રાપ્તિમાં વિલંબ થાય અથવા કોઈ સમસ્યા ઊભી થાય ત્યારે તેની નકારાત્મકતાને દૂર કરવા માટ આ પૂજા કરો.

જેઓ બાળકો ઈચ્છે છે પરંતુ ગર્ભવતી થવામાં મુશ્કેલી અનુભવી રહ્યાં છે- તેમના માટે આ હોમ ખૂબ જ ફાયદાકારક છે. બીજી તરફ જેમને બાળકો છે તેઓ બાળકોના સર્વાંગી વિકાસ અને લાભ માટે કરે છે. કુદરતને આભારી છે કે બાળકો-પરિવારનાં સુખનો સૌથી મોટો સ્રોત છે. જ્યારે તેઓ નિઃસંતાન હોય



**••• સંતાન ના થતાં હોય કે બાળક માટેની કોઈ પણ તકલીફમાં ફાસ્ટ રિઝલ્ટ મળે છે •••**

છે ત્યારે તેમના માટે જીવન અસહ્ય બની જાય છે. જો તેઓને બાળક ના હોય અથવા તે બાબતે કોઈ સમસ્યાનો સામનો કરવો પડે તો તમામ સગવડો હોવા છતાં દંપતી મનની શાંતિને ખલેલ પહોંચાડે છે.

'ભગવાન વિષ્ણુની પૂજા કરવાથી' તમને તંદુરસ્ત, મજબૂત તેમ જ સફળ જીવનના આશીર્વાદ મળે છે. ભગવાન વિષ્ણુએ પોતે-સનત કુમારને 'સૂત સંહિતા'માં આ હોમ વિશે જાણ કરી હતી.

**પુરુષસૂકત હોમનો ખર્ચ, વિધિ અને ફાયદા શું છે? પુરુષસૂક્ત હોમમાં ભગવાન વિષ્ણુની પૂજા, આવાહન અને હોમ થાય છે. ભગવાન વિષ્ણુ સંરક્ષણ, રક્ષણ અને ભરણપોષણના દેવ છે. વેદોમાં એ પણ ઉલ્લેખ છે કે પુરુષસૂક્ત હોમ એવી સ્ત્રીઓને મદદ કરી શકે છે, જેઓ બાળજન્મની મુશ્કેલી અનુભવે છે. આ પુરુષસૂક્ત હોમ- સારા સ્વાસ્થ્ય અને બુદ્ધિવાળાં બાળકના જન્મની સુવિધા આપે છે.**

પુરુષસૂક્ત હોમ-ભક્તોને તમામ કાર્યોમાં ઉત્કૃષ્ટતા.... તમામ જગ્યાએ સફળતા, શાંતિ અને જીવનમાં સંપૂર્ણ સુખ સાથેના આશીર્વાદ આપે છે. જેમ ભગવાન વિષ્ણુ બાળકને જન્મ આપતી વખતે માતાને શક્તિ અને રક્ષણ આપે છે. આ પુરુષસૂકત હોમ- એ મહાન વ્યક્તિનું પુરુષ તરીકે વર્ણન કરે છે જેમાં 16 શ્લોકો એક હજાર માથાં, આંખો અને પગ છે.

જો સંતાનપ્રાપ્તિમાં મુશ્કેલીઓ અથવા વિલંબ હોય તેમ જ ગર્ભાવસ્થા દરમિયાન કેટલીક મુશ્કેલીઓ અથવા પડકારો હોય તો આ પુરુષસૂક્ત હોમમાં એક આશીર્વાદ છે.

**પુરુષસૂકત હોમ કેવી રીતે કરવો?**

પુરુષસૂક્ત હોમની પ્રક્રિયામાં પંચદેવ પૂજનઃ શ્રીગણેશ પૂજન, અભિષેક, કુળદેવી પૂજન, શ્રીહરિ વિષ્ણુ પૂજન, શિવપૂજન, નવગ્રહ પૂજન, ક્ષેત્રપાલ પૂજન, સ્વસ્તિ વાચન અને સંકલ્પનો સમાવેશ થાય છે. પૂજા સેવામાં દરેક ગ્રહોના મંત્રોનો 108 વખત જાપ અથવા જે તે ગ્રહના સ્તોત્રથી અભિષેક... 108 વખત પુરુષસૂકતનો પાઠ કરવા અને હોમાત્મક આચરણનો પણ સમાવેશ થાય છે. કળશ સ્થાપન, જેમાં ગૌરી-ગણેશ, પુણ્યા વાચન, ષોડ્શ, માતૃકા અને નવગ્રહનો સમાવેશ થાય છે. આ બધું જાતે પણ કરી શકાય. અમે સૌથી વધુ જાણકાર પંડિતો તરફથી સૌથી મોટી પૂજા સેવાઓ પ્રદાન કરીએ. પંચદેવની પૂજા, નવગ્રહ પૂજા તેમ જ પુરુષસૂક્ત હોમ કરવા માટે સંપૂર્ણ સમય 3 થી 4 કલાક લાગે છે.

**પુરુષસૂક્ત હોમના ફાયદા**

- સ્ત્રીઓ કે જેમને ગર્ભધારણ કરવામાં મુશ્કેલી હોય અથવા ગર્ભવતી બાળકો હોય તેમને સમસ્યાઓ દૂર કરવામાં મદદ કરે છે.

- આ પુરુષસૂક્ત હોમના કારણે ગર્ભવતી મહિલાઓ આ હોમ કરવાથી સ્વસ્થ અને બુદ્ધિમાન બાળકને જન્મ આપે છે.

- કોઈ પણ પ્રકારની આર્થિક, શારીરિક, માનસિક કે તકલીફો હોય તો પણ આ પૂજા-હવન કરાવવાથી ભવિષ્યમાં જીવનમાં કોઈ સમસ્યા કે તકલીફો સતાવતી જ નથી... બીજી તરફ ખૂબ અને ઝડપથી સરળતાથી સુખી, આનંદભર્યું જીવન થઈ જાય છે. તેથી આ મોટી તક છે. તેમાંયે અડધો મહિનો તો પૂરો થવા આવ્યો તેથી ઝડપથી સુખ-શાંતિ અને સમૃદ્ધિવાળા થવાની તક ઝડપી લેશો.

# સો વર્ષ તપ કરવાનું જે ફળ મળે છે તે અધિક મહિનામાં એક દિવસમાં મેળવો

જડીબુટ્ટી

નજુમી

આ પાંચ ઉપાયો કરવાથી જીવનનાં તમામ દુઃખ દૂર થઇ જાય છે પુરુષોત્તમ માસ અધિક મહિનો મલ માસનો સ્વામી શ્રી હરિ છે.

આ મહિનામાં ભગવાન વિષ્ણુની પૂજા અને જ્યોતિષમાં જણાવેલ ઉપાયો કરવાથી બધાં પાપોનો નાશ થાય છે અને ધન અને ધાન્યની મુશ્કેલી નથી રહેતી. અધિક માસમાં આ પાંચ વસ્તુઓ કરવાથી જીવનનાં તમામ દુઃખ દૂર થઇ શકે છે. મલ માસમાં ભગવાન પુરુષોત્તમ એટલે કે 'વિષ્ણુ'ની પૂજા કરવાનું વિશેષ મહત્ત્વ છે. જ્યોતિષશાસ્ત્ર અનુસાર જો આ પાંચ ખાસ વસ્તુઓ મલ માસમાં કરવામાં આવે તો લક્ષ્મી-નારાયણની કૃપા હંમેશાં બની રહે છે અને 'ઘરમાં ક્યારેય પૈસા' અને 'અનાજની મુશ્કેલી નથી આવતી.' મલ માસમાં કરવા માટેની આ પાંચ બાબતો ખૂબ જ સરળ છે. જો તેને રોજિંદા જીવનમાં તેનું અનુકરણ કરવામાં આવે તો- જીવનનાં તમામ દુઃખ દૂર થઇ શકે છે!'

**આ ઉપાયથી તમારા ઉપર શ્રી હરિની કૃપા બની રહેશે.**

'ભગવાન વિષ્ણુ' અધિક મહિનાના સ્વામી છે. આ મહિનામાં દરરોજ 'ભગવાન વિષ્ણુની પૂજા કરવી' અને 'હરિના નામનો હવન' કરવો શ્રેષ્ઠ માનવામાં આવે છે. અધિક માસમાં કોઇ શુભ કાર્ય કરવામાં આવતાં નથી તેથી દરરોજ 'ભગવાન વિષ્ણુની પૂજા' અને 'હવન કરવાથી' લક્ષ્મી-નારાયણની કૃપા કાયમ રહે છે અને 'પરિવારના સભ્યોની પણ પ્રગતિ થશે.'

આ ઉપાયથી મોક્ષ પ્રાપ્ત થાય છે

**પવિત્ર ગ્રંથ-રામચરિત્ર માનસ, શ્રીમદ્ ભાગવત કથા-મલ માસ અથવા અધિક માસ દરમિયાન પાઠ કરવાથી 'મોક્ષપ્રાપ્તિ'નો દરવાજો ખોલવામાં મદદ મળે છે. દરરોજ સવાર-સાંજ રામચરિત્ર માનસ અને શ્રીમદ્ ભાગવત કથાનો પાઠ કરવાથી આસપાસ સકારાત્મક ઊર્જાનો સંચાર થાય છે અને જીવનમાં નવી દિશા મળે છે. મલ માસમાં તેનો સતત પાઠ કરવાથી આ મહાન ગ્રંથો આગળ વધતાં વિજય પ્રાપ્ત કરવાની પ્રેરણા આપે છે.**

**આ ઉપાય કરવાથી તમારી તમામ મનોકામનાઓ પૂર્ણ થશે**

મલ માસમાં ભગવાન શ્રી હરિ વિષ્ણુની પૂજા કરવાની સાથે સાથે ₹વિષ્ણુ સહસ્ર'નામનો જાપ પણ કરવો જોઈએ. આ સાથે જ તુલસીને રોજ પાણીમાં દૂધ મિક્સ કરીને ચઢાવવું જોઈએ. આવું કરવાથી ઘરમાં સૌભાગ્ય અને ખુશીઓ આવે છે અને તણાવ દૂર કરે છે. મલ માસમાં રોજ આ કામ કરવાથી બધી મનોકામનાઓ પૂર્ણ થાય છે.

**લક્ષ્મી માતાના આશીર્વાદ**

મલ માસ અને અધિક માસમાં સ્નાન અને ધ્યાન કર્યા પછી દરરોજ તુલસીની માટીનું તિલક કરવું જોઈએ. શ્રી હરિને તુલસી ખૂબ પ્રિય છે અને તુલસીમાં માતા લક્ષ્મીજીનો વાસ છે. એટલા માટે આમ કરવાથી સુખ-સમૃદ્ધિમાં વધારો થાય છે અને તમામ પાપોમાંથી મુક્તિ મળે છે. મલ માસમાં રોજ તુલસીની માટીનું તિલક કરવાથી દેવી લક્ષ્મીની કૃપા પણ રહે છે અને ધનપ્રાપ્તિનો માર્ગ બને છે.

**આ ઉપાય કરવાથી તમામ તીર્થોનું પુણ્ય મળે છે**

પુરાણોમાં કહેવામાં આવ્યું છે કે, ભગવાન વિષ્ણુએ વૃંદાવનમાં મલ માસ વસાવ્યા હતા. આ કારણે મલ માસ દરમિયાન તમામ તીર્થ યાત્રીઓ આવે છે અને વૃંદાવનમાં રહે છે અને કૃષ્ણનાં મનોરંજનનો આનંદ માણે છે, તેથી જ મલ માસ દરમિયાન વૃંદાવન પ્રદેશની મુલાકાત લેવી શ્રેષ્ઠ માનવામાં આવે છે. આ માસમાં વ્રજ ભૂમિની યાત્રાનું 'પુણ્ય' પણ સાથે સાથે મળે છે. પુરુષોત્તમ માસ માહાત્મ્યમાં કહેવાયું છે કે, જે 100 વર્ષ તપ કરવાનું ફળ છે, તે આ અધિક મહિનામાં એક દિવસ જ વ્રત, તપ, વિષ્ણુ પૂજા, હવન કરવાથી પ્રાપ્ત થાય છે. અધિક માસમાં 'તલનો હવન' કરવાથી 'આત્મજ્ઞાન'ની પ્રાપ્તિ થાય છે.

# ગુજરાતમાં અને ભારતમાં આ વર્ષે ચોમાસું વહેલું શરૂ થશે

કાળચક્ર

યજ્ઞાનંદ

હવામાન વિભાગ પ્રમાણે આ વર્ષે કેરળમાં 26મે ના રોજ ચોમાસાની શરૂઆત થવાની શકયતા છે, જેમાં ચાર દિવસ આગળ-પાછળ થઈ શકે છે. કેરળમાં ચોમાસું શરૂ થવાની તારીખ 1 જૂન હોય છે. પરંતુ આ વર્ષે ચોમાસું દેશમાં વહેલું શરૂ થશે. હાલની સ્થિતિ મુજબ ચોમાસું ઝડપથી આગળ વધે તેના માટેની તમામ પરિસ્થિતિ અનુકૂળ છે અને જો સ્થિતિ આ જ પ્રમાણે રહી તો ગુજરાતમાં પણ ચોમાસું વહેલું શરૂ થઈ શકે છે.

**હાલ ચોમાસું ક્યાં પહોંચ્યું છે અને ગુજરાતમાં તે ક્યારે આવશે?**

ભારતમાં સૌ પ્રથમ ચોમાસાની એન્ટ્રી આંદામાન અને નિકોબારના ટાપુઓ પર થાય છે. જે સાથે જ તે બંગાળની ખાડીમાં પણ પ્રવેશ કરે છે. ત્યાર બાદ ચોમાસું આગળ વધે છે અને હિંદ મહાસાગરમાંથી થઈને અરબી સમુદ્રમાં પહોંચે છે. અરબી સમુદ્રમાં ચોમાસું પહોંચ્યા બાદ તેનું કેરળમાં આગમન થાય છે. કેરળમાં ચોમાસાની શરૂઆતની જાહેરાત કરવામાં આવે છે ત્યારે જ ભારતમાં ચોમાસાની શરૂઆત ગણાય છે.

ચોમાસું આંદામાન-નિકોબારના ટાપુ, આંદામાન સાગર અને દક્ષિણ બંગાળની ખાડીમાં પહોંચી જાય તેવી અનુકૂળ પરિસ્થિતિઓ છે. હાલ બંગાળની ખાડીમાં એક વેલમાર્કડ લો પ્રેશર એરિયા બનેલો છે અને તેના કારણે ચોમાસાને મદદ મળી રહે છે. આ સિસ્ટમ વધારે મજબૂત બને તેવી શકયતા નથી! હાલની સ્થિતિ પ્રમાણે કેરળમાં ચોમાસું વહેલું શરૂ થઇ શકે છે. ત્યાર બાદ જો સ્થિતિ અનુકૂળ રહી તો ચોમાસું તેની નિર્ધારિત ગતિથી આગળ વધે તો ગુજરાતમાં પણ તેનું વહેલું આગમન થશે. જો કે, કેરળમાં ચોમાસું પહોંચ્યા બાદ કેવી સ્થિતિ રહે છે તે પછી જ ખરેખર નક્કી થઇ શકશે કે, ગુજરાતમાં ચોમાસુ વહેલું કે સમયસર પહોંચશે.

સામાન્ય રીતે 'દક્ષિણ ગુજરાતના ભાગોમાં ચોમાસુ 15 જૂનની આસપાસ શરૂ થતું હોય છે.

**2025માં પણ વહેલું ચોમાસું શરૂ થયું હતું.**

વર્ષ 2025માં પણ ભારતના દરિયામાં ચોમાસાનો વહેલો પ્રવેશ થઈ ગયો હતો. આંદામાન-નિકોબારના ટાપુઓ પર ગયા વર્ષે 13મેના રોજ ચોમાસું પહોંચી ગયું હતું. ત્યાર બાદ ત્યાંથી ચોમાસું આગળ વધ્યું હતુ અને શ્રીલંકા પર 15મેના રોજ તથા 19મે સુધી શ્રીલંકાના થોડા ભાગને બાદ કરતાં બાકીના તમામ વિસ્તારને ચોમાસાએ આવરી લીધા હતા. એટલે કે તેની નિર્ધારિત તારીખ કરતાં એકાદ અઠવાડિયું ચોમાસું વહેલું શરૂ થઇ ગયું હતું. કેરળમાં પહોંચ્યા બાદ ચોમાસાની પ્રગતિ ઝડપથી થઇ હતી. 26 મે સુધીમાં તે મહારાષ્ટ્રના ઘણા ભાગોમાં પહોંચી ગયું હતું.

બાદમાં હવામાનની સ્થિતિઓ બદલાઈ હતી અને ચોમાસાની પ્રગતિ અટકી ગઇ હતી. ત્યાર બાદ 16 જૂનના રોજ ચોમાસું આગળ વધ્યું હતું અને ગુજરાત પર પહોંચ્યું હતું એટલે કે ઘણી વખત આ પ્રકારની સ્થિતિ જોવામાં આવતી હોય છે કે ચોમાસું આગળ વધતું અટકી પણ જાય!



**આ વર્ષે દેશમાં ચોમાસું કેવું રહેશે?**

દેશમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થશે. એટલે કે, ચાર મહિનાના લાંબા ગાળામાં સરેરાશ કરતાં ઓછો વરસાદ પડવાની શકયતા છે.

ભારતની ખાનગી હવામાન એજન્સી સ્કાયમેટ વેધરે પણ ચોમાસું નબળું રહેવાની શકયતાનું પૂર્વાનુમાન કર્યું છે. આ વર્ષે ભારતમાં ચોમાસા પર અલનીનોની અસર જોવા મળે તેવી શકયતા હવામાન નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે.

આ વર્ષે ચોમાસામાં સરેરાશના લગભગ 92 ટકા વરસાદ થવાની શકયતા છે. જો 96 થી 104 ટકા વરસાદ થાય તો તેને સામાન્ય વરસાદ ગણવામાં આવે છે. એટલે કે સારું ચોમાસું ગણવામાં આવે છે.

જો વરસાદ 104 ટકા કરતાં વધારે થાય તો તેને સરેરાશ કરતાં વધારે વરસાદમાં ગણવામાં આવે છે અને ઘણી જગ્યાએ દેશમાં વધારે વરસાદ પણ પડે છે.